**મે. પાટણના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ. પાટણ, તા–પાટણ, જીલ્લા. પાટણ.**

કીમીનલ કેસ નં.૪૦૮/૨૦૨૪
આંક–૦૪

ફરીયાદી: શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી: અમિતકુમાર રાજેશભાઈ મોદી

**ગુનો:– ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ.**

ચુકાદો

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરી ભય ઉભો કરી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબનો ગુન્હો કરેલ જે ગુનો પાટણ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશને ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૦૨૩૦૯૩૬/૨૦૨૩ થી રજીસ્ટર્ડ થયેલ અને તે અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી આ કામે ગુના કબુલાત પુરસીસ આપેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. તેઓ કુટુમ્બકબીલાવાળા છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ તેની ખાતરી કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત સંજોગો જોતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૮૩ ના ગુનામાં તકસીરવાર ઠરાવી તેઓને સદર ગુનામાં રૂા.૧૦૦/– (સો રૂપિયા પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૭ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા.૦૯, માર્ચ, ૨૦૨૪ ના રોજની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.
સ્થળ:–પાટણ
તા.૦૯/૦૩/૨૦૨૪

**(એ.એસ.ગોહેલ)**
**U.I.C. No.GJ01154**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મુકામ–પાટણ, જીલ્લા–પાટણ.